દાદા ભગવાન પરિવારનું

જુલાઈ ૨૦૨૨

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ

## મેરી મા...



# મેરી મા...



## સંપાદકીય

બાળમિત્રો,

તુજે સબ હૈ પતા, હૈ ના, મા ? આપણા કહ્યા વગર આપણું બધું જ જાણી જાય એ છે મમ્મી. બાળપણમાં જ્યારે આપણને બોલતા પણ નહોતું આવડતું ત્યારે આપણને ક્યારે ભૂખ લાગી, ક્યારે ઊંઘ આવી કે ક્યારે તાવ આવ્યો, એ બધું જ મમ્મી સમજી જતા હતા. અને આજે પણ એટલી જ કાળજીથી તેઓ આપણી બધી જ જરૂરિયાતો પૂરી કરે છે. આપણને ખ્યાલ પણ નથી હોતો કે આપણા માટે તેઓ પોતાનું કેટલું બધું જતું કરે છે.

પણ તેમ છતાંય, ક્યારેક આપણે મમ્મી સાથે નારાજ થઈ જઈએ છીએ અને ક્યારેક મમ્મીને ગુસ્સે કરી દઈએ છીએ. ચાલો, આ અંક વાંચીને મમ્મીના પ્રેમને સમજીએ અને નક્કી કરીએ કે મમ્મીને ક્યારેય દુઃખ ના આપીએ.

- ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૪, અંક : ૧૧
સળંગ અંક : ૧૬૭
જુલાઈ ૨૦૨૨


.................................


સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...






પૂજ્યશ્રી - બાળકે મધરના પ્રેમને પામવા માટે શું પાત્રતા કેળવવી જોઈએ ?

પ્રશ્નકર્તા - કંઈ જ નહીં.

પૂજ્યશ્રી - મધર બાળકને એકલો ના મૂકે. છૂટો ના પડવા દે. મધરનું ચિત્ત બાળક પર જ હોય. બાળકને હૂંફ લાગે, ખવડાવે-પીવડાવે, સાચવે. એ માંદો-સાજો હોય, એને કોઈ ઉપાધિ હોય તો બધી રીતે એનું રક્ષણ કર્યા જ કરે. એટલે મધરની એટલી બધી લાગણી છે બાળક માટે કે બાળકનું બધી જ રીતે પ્રોટેક્શન કર્યા કરે.

મનુષ્ય તો ખરા જ, પણ પ્રાણી માત્રના જીવનમાં, પશુ-પક્ષીઓના જીવનમાં જુઓને તો પોતાના બચ્ચા માટે માતા પોતે લડી મરે. અને પોતે કદાચ મરી પણ જાય, પણ બચ્ચાને બચાવવા માટે જબરદસ્ત પ્રયત્ન કરે. સિંહ જેવા સિંહને ય બચ્ચા માટે ભગાડી નાખે.



હું જન્મેલા બાળકના મધરનું નિરીક્ષણ કરું. કારણ કે હું પણ કોઈક દિવસ આવડો નાનકડો તો હતો જ. મારા મધરે કેવી રીતે રાખ્યો હશે મને ? જોઉં ને તો ઓહ ! આટલું બધું ?! મધર માટે બાળક સર્વસ્વ હોય છે. ખાધે-પીધે, પોતાનું કશું જ ધ્યાન રાખ્યા વગર મધર બાળકનું જ જતન કર્યા કરે છે.

મોટા થતા બાળકને પછી લાગવું જોઈએ કે મારી માટે માતાએ આટલું બધું વાત્સલ્ય મુક્યું'તું ! આટલો બધો પ્રેમ રાખ્યો'તો ! ત્યારે બાળક એના બીજા મોહના લીધે બધું ભૂલી જાય છે. નહીંતર બાળકોએ ભૂલવું ના જોઈએ કે મધરનો કેટલો બધો ઉપકાર છે !

મધરના પ્રેમમાં બલિદાન છે, અર્પણતા છે, પોતાનો ભોગ છે. એ પ્રેમમાં પોતાનો લાભ કે સ્વાર્થ નથી. એટલો પ્યોર હોવાથી એ જગતમાં વખણાય છે.



# 'મા' તે 'મા'...

**એક માતા પોતાના બાળકના ઘડતર અને પ્રગતિ માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર થઈ જાય છે ! તો ચાલો મળીએ અમુક અદ્ભુત માતાઓને જેમણે પોતાના બાળકોના જીવનમાં અનેક રોલ ભજવ્યા છે.**

## 'મા' - એક યોદ્ધા !

છત્રપતિ શિવાજી વિશે તો તમે સાંભળ્યું હશે !! મહાન રાજા, જેમણે મુગલોને હરાવી મરાઠાનું સામ્રાજ્ય સ્થાપ્યું. પણ આ જીતનો ખરો શ્રેય એમના માતા જીજાબાઈની ટ્રેનિંગને જાય છે !!

એમણે શિવાજીને તલવારબાજી, ભાલાબાજી, ઘોડેસવારી અને બાણ ચલાવતા શીખવ્યું હતું ! અરે સ્વબચાવ કેવી રીતે કરવો તેની પણ તૈયારી માતા જીજાબાઈએ કરાવી હતી. બાળપણથી એમણે શિવાજીમાં દેશભક્તિની ભાવના દ્રઢ કરી હતી જેના કારણે તેઓ ભવિષ્યમાં સફળ યોદ્ધા બની શક્યા !

## 'મા' - એક વાર્તાકાર !

રાજમાતા જીજાબાઈ ફક્ત યોદ્ધા નહોતા. બાળ શિવાજી માટે એક વાર્તાકાર પણ હતા. બાળપણમાં તેઓ શિવાજીને સરસ મજાની રામાયણ અને મહાભારતની ધાર્મિક વાર્તાઓ કહેતા. આ વાર્તાઓથી માતાએ શિવાજીમાં બહાદુરી, ભક્તિ, ધીરજ જેવા ગુણોનું સિંચન કર્યું હતું.

## 'મા' - નું સંસ્કાર સિંચન !

નાનકડા વિનાયકના ઘરે એક ગરીબ ઘરનો છોકરો રહેતો હતો. ઘરમાં ક્યારેક ખાવાનું ખૂટી પડે તો મા પોતે ટાઢું અને વાસી ખાવાનું ખાતી, ક્યારેક વિનાયકને પણ વાસી ખાવાનું આપતી, પણ એ ગરીબ બાળકને ક્યારેય વાસી કે ટાઢું ખાવાનું આપતી નહીં.

કેવી અદ્‌ભુત છે આ માતા ! નાનપણથી જ પોતાના બાળકને પોતાનું સુખ બીજાને આપી દેવાના સંસ્કાર આપ્યા. જે માતાનું આવું સંસ્કાર સિંચન હોય, એનો પુત્ર પણ અદ્‌ભુત હોય એમાં નવાઈ નથી. આ પુત્ર હતો વિશ્વવિખ્યાત સંત વિનોબા ભાવે અને એમની માતાનું નામ રખુબાઈ હતું.

## 'મા' - નું સમર્પણ !

વિનાયક જ્યારે એકવીસ વર્ષના થયા ત્યારે તેમણે કાશી જઈ સાધના કરવાનો નિશ્ચય કર્યો.

આ વાત જ્યારે બહાર ફેલાઈ, ત્યારે કોઈ બાઈએ ટીકા કરી, 'આજકાલના છોકરાઓનું ભલું પૂછવું ! દુઃખ વેઠીને મોટા કરીએ ને ભાગી જાય !'

તરત વિનોબાની માતાએ કહ્યું, 'મારો દીકરો ભાગી ગયો નથી. એણે તો પોતાની સાધના અને લોકકલ્યાણ માટે ગૃહત્યાગ કર્યો છે.'

ઘડપણમાં પુત્ર પોતાની ચાકરી કરશે, એવી માતા રખુબાઈને આશા નહોતી. પણ, પુત્રને પોતાના કલ્યાણ અને લોકકલ્યાણ અર્થે સમર્પણ કરવાનું એમને ગૌરવ હતું ! કેવો અદ્‌ભુત દૈવી ગુણ ! પુત્રે પણ પોતાની દેવી જેવી માતાનું સમર્પણ દીપાવ્યું ! ગાંધીજીના યજ્ઞમાં જોડાઈને સંત વિનોબા ભાવેએ દેશના ઉદ્ધાર માટે પોતાનું આખું જીવન ખર્ચી નાખ્યું !

**જોજો, એવું ના વિચારતા કે આવી માતાઓ તો ભૂતકાળમાં જ હતી ! આવી માતાઓ આજે પણ છે જેમનું આખું જીવન પોતાના બાળકો પાછળ ખર્ચાઈ જાય છે !**



# 'મા' - મારો પડછાયો !

અદિતી અશોક, ૨૪ વર્ષની એક છોકરી, જેણે ટોક્યો ઓલમ્પિકમાં ગોલ્ફની ગેમમાં ચોથા નંબર પર આવીને ઈતિહાસ રચ્યો. અદિતીની આ સફળતા પાછળ પડછાયાની જેમ ઊભા હતા મહેશ્વરીજી, અદિતીના મમ્મી.

જેમ ક્રિકેટમાં બેટ હોય છે તે જ રીતે ગોલ્ફ રમવા માટે ગોલ્ફ ક્લબ વપરાય છે. જુદા જુદા શોટ માટે જુદી જુદી જાતના ગોલ્ફ ક્લબ વપરાય છે. અને આ ગોલ્ફ ક્લબ અને બીજા સાધનો સાચવવા માટે દરેક ગોલ્ફ પ્લેયર સાથે હોય છે એક હેલ્પર જેમને કેડી(Caddie) કહેવાય છે. અદિતીના 'કેડી' બન્યા હતા તેના મોમ - મહેશ્વરીજી ! કેડી બનીને તેઓ અદિતીના ગોલ્ફ ક્લબનું ધ્યાન રાખતા અને જરૂર મુજબ ગોલ્ફ ક્લબ આપતા. આ માટે તેમણે મેદાન કેવું હોય, ગેમ કેવી રીતે રમાય વગેરે બધી જ માહિતી મેળવી હતી.

એટલું જ નહીં, ભલભલા ગભરાઈ જાય એવી ઓલમ્પિકની સ્પર્ધામાં, તેઓ અદિતીની જોડે ને જોડે જ રહ્યા અને તેને હિંમત અને સપોર્ટ આપ્યા જેથી તે ટેન્શન વગર રમી શકે !




ઝવેરબાનું સંસ્કાર સિંચન...
ઝવેરબાએ દીકરાના જન્મ પહેલાં આઠેક વર્ષ સુધી ઘી નહીં ખાવાની અંબા માતાની બાધા રાખેલી. ત્યાર બાદ જન્મેલા પુત્રનું નામ મા અંબાના લાલ એટલે અંબાલાલ(દાદા ભગવાન) પાડેલું.
અંબાલાલ નાના હતા ત્યારથી જ રૂપાળા અને મનમોહક હતા. તેઓ ખુબ જ ચતુર અને બહાદુર હતા, સાથે સાથે ટીખળી અને મસ્તીખોર પણ હતા. એમનો ગલગોટા જેવો પ્રફુલ્લિત ચહેરો જોઈને પાડોશમાં રહેતા પુણીબાએ વહાલથી એમનું હુલામણું નામ(ઘરનું નામ) 'ગલગોટિયા' પાડેલું. ગામના લોકો એમને લાડમાં 'ગલો' કહીને બોલાવતા.
નાનપણમાં માતાની હુંફ અને સામીપ્ય એમણે વધારે મેળવેલા. કોઈવાર ઝવેરબાને બહાર જવાનું થતું તો બાળક અંબાલાલને સુતી વખતે હાથમાં પકડવા માટે પોતાની સુંવાળી સાડી આપીને જતાં. એટલે માતા પાસે જ છે એવી હુંફ લાગે ને !
બાળકો માતાની પાસે રહીને ઉછરે છે તે દરમ્યાન પોતાના જીવનના ઉમદા પાઠો શીખતા હોય છે. માતા ઝવેરબાએ સુંદર સંસ્કારોનું સિંચન કરીને બાળક અંબાલાલમાં ઉમદા ચારિત્રનું ઘડતર કર્યું. જો માવજત સારી હોય તો છોડવો પણ સરસ જ ઉગે ને !


એક સાંજે અંબાલાલ મિત્રો સાથે રમીને ઘરે આવ્યા.
અંબાલાલ, આજે કેમ મોડું થયું ?
આજે રમતા રમતા ઝઘડો થયો, તેમાં મેં એક છોકરાંને માર્યું અને તેને લોહી નીકળ્યું.
બેટા, એને લોહી નીકળ્યું એવું તને કોઈ મારે ને લોહી નીકળે તો મારે તારી દવા કરવી પડે ને ?
હા, મા.
અત્યારે પેલા છોકરાની માતાને પણ દવા કરવી પડતી હશે ને ?
હા, મા.
એવો તો મેં વિચાર જ નહોતો કર્યો !
કેટલું રડતો હશે એ બિચારો ! એને કેટલું દુઃખ થતું હશે !
જો બેટા, હવેથી કોઈ દહાડો કોઈને મારીને ના આવીશ. તું માર ખાઈને આવીશ તો ચાલશે, હું તારી દવા કરીશ.
માતા તરફથી મળેલા આવા સંસ્કાર બાળકને મહાવીર બનાવે કે ના બનાવે ?

# બેસ્ટ ક્વીન એન્ડ પ્રિન્સેસ

મીરાએ ગિટાર હાથમાં લીધું જ હતું કે એને મમ્મીનો અવાજ સંભળાયો, "મીરા, બેટા અહિંયા આવ તો... આજે ચારુ નથી આવવાની."

"ઓહ નો ! મતલબ કે મમ્મી મને વાસણ ધોવા બોલાવે છે. આ હુકમથી બચવું તો મુશ્કેલ છે." મીરાએ પરાણે વાસણ ધોયા.

કામ પતાવીને એ બેડ પર આડી પડી અને ફોન હાથમાં લીધો. એણે એની શોધ ચાલુ કરી, "અરે યાર ! આ ડીશવોશર તો બહુ મોંઘા છે." એ ફોન બાજુ પર મૂકવા જતી જ હતી ત્યાં તો એણે સ્ક્રીન પર એક એડ જોઈ.

"શું વાત છે..." એડ જોઈને એ ટટ્ટાર બેઠી થઈ ગઈ અને મમ્મી પાસે દોડી ગઈ.

"ના, બાપ ના."

"અરે પણ મમ્મી, ટ્રાય કરવામાં શું વાંધો છે ? આપણે ક્યાં કંઈ દાવ પર લગાડવાનું છે ?"

સુધાએ એની દીકરીની આશા ભરેલી નજર જોઈ અને 'બેસ્ટ ક્વિન એન્ડ પ્રિન્સેસ' કોન્ટેસ્ટમાં ભાગ લેવાની વાત સ્વીકારી લીધી.

સુધા અને મીરા કોન્ટેસ્ટ માટે શોર્ટ લિસ્ટ થઈ ગયા. તેમને એક હોલમાં બોલાવવામાં આવ્યા.

"હેલો અને નમસ્તે મિત્રો ! હું છું તમારો હોસ્ટ અને દોસ્ત અમન અહુજા. આ દિલચસ્પ, રોમાંચક અને મજેદાર 'મા-દીકરી' કોન્ટેસ્ટમાં તમારું સ્વાગત છે. આ કોન્ટેસ્ટમાં ટોટલ દસ કન્ટેસ્ટન્ટ શોર્ટલિસ્ટ થયા છે."

સુધા અને મીરાએ એમના જેવી બીજી નવ 'મા-દીકરીઓની' જોડી તરફ નજર ફેરવી.

"આ કોન્ટેસ્ટમાં ટોટલ ત્રણ રાઉન્ડ છે. આ ધમાકેદાર કોન્ટેસ્ટનું પ્રાઈઝ તો આપ સહુને ખબર જ છે !! જીતનાર 'મા-દીકરી' જોડીને મળશે, એક શાનદાર 'અલ્ટ્રા વેગન ડીશવોશર'." તાળીઓનો જોરદાર ગડગડાટ થયો.



"મિત્રો, આ જર્ની કદાચ સહેલી ના લાગે ! પણ હા, એક વાતની ખાતરી છે. બધાને ભરપૂર મજા આવશે. તો ચાલો શરૂ કરીએ પહેલો રાઉન્ડ જેનું નામ છે 'ડેર ર પેર'."

નામ સાંભળીને મીરાના હૃદયના ધબકારા વધી ગયા અને સુધાના રૂંવાટા ઊભા થઈ ગયા.

"તો, આ પહેલા રાઉન્ડમાં, દરેક પેર ને એક ડેર, એટલે કે ચેલેન્જ આપવામાં આવશે. ડેર



સાંભળીને તમે નક્કી કરી શકો છો કે મા-દીકરીમાંથી કોણ આવીને આ ડેર પૂરી કરશે. તો તૈયાર છો ?''

દરેક પેરને જુદા જુદા 'ડેર' મળ્યા. હવે મીરા અને સુધાનો વારો હતો.

બંને સામે એક ડીશ મૂકવામાં આવી જેમાં પાઉંભાજી હતી. 'આટલી સિમ્પલ ડેર તો ના જ હોય !' મીરાએ વિચાર્યું.

''આ પાઉંભાજી સ્વાદિષ્ટ દેખાઈ રહી છે. પણ આની ખાસિયત એ છે કે કોઈ પણ નોર્મલ વ્યક્તિ જેટલું તીખું ખાઈ શકે એનાથી આ ત્રણ ગણી વધારે તીખી છે. તો બોલો, તમારામાંથી કોણ આવશે આ પાઉંભાજી ખાવા ?'' અમન અહુજાએ હસતા હસતા પૂછ્યું.

'ઓહ ! અમે તો સહેજે તીખું નથી ખાઈ શકતા. પહેલા જ રાઉન્ડમાં ધબડકો !' મીરાનું મોઢું પડી ગયું.

ત્યાં તો સુધા આગળ આવી, ''હું આ ડેર કરીશ.''

મીરા એની મમ્મીને કંઈ પૂછે એ પહેલા તો એ પ્લેટ પાસે પહોંચી ગઈ અને ડેર શરૂ થઈ ગઈ. સુધાએ આરામથી અને ઈન્ટરેસ્ટથી પાઉંભાજી ખાધી અને ડેર પૂરી કરી.

મીરા તો એની મમ્મીને જોતી જ રહી ગઈ. ''મમ્મી, તારું મોઢું બળી નથી ગયું ને ? તું તો ખાઈ જ નથી શકતી. મેં તો તને ક્યારેય તીખું ખાતા કે બનાવતા જોઈ જ નથી...''

સુધાએ એક હળવું સ્મિત આપ્યું અને કહ્યું, ''કારણ કે મારા બાળકોને તીખું નથી ભાવતું...''

''વ્હોટ !?'' મીરાને સખત નવાઈ લાગી. એને થયું, ''મમ્મીએ કેટલી સહેલાઈથી અને ખુશીથી પોતાનો ભાવતો ટેસ્ટ જતો કર્યો છે અને અમને ક્યારેય ખબર પણ નથી પડવા દીધી.'' મમ્મી માટે ભલે આ નાનકડી વાત હતી, પણ મીરા માટે તો આ મમ્મીએ આપેલું એક મોટું બલિદાન હતું.

સુધા-મીરા નેક્સ્ટ રાઉન્ડ માટે સિલેક્ટ થઈ ગયા.

''તો બીજા રાઉન્ડનું નામ છે - 'સચ કા દમ.' હા, સત્યની શક્તિ. આ રાઉન્ડમાં મા-દીકરી બેઉ ભાગ લેશે. બંનેએ એકબીજાને આજ દિન સુધી છૂપાવેલી એક સાચી વાત કહેવાની છે. અને પછી આપણે જોઈશું સચ કા દમ. તો બધા તૈયાર છો ?''

એક ધમાકેદાર મ્યુઝિકથી રાઉન્ડની શરૂઆત થઈ. એક પછી એક જજીસે કન્ટેસ્ટન્ટના સચ-જૂઠ પકડી પાડ્યા. વારો આવ્યો સુધા અને મીરાનો. બંનેને ખ્યાલ આવી ગયો હતો કે રાઉન્ડ જીતવા માટે સાચું બોલવું જરૂરી હતું.

માઈક મીરાને આપવામાં આવ્યું. એનું હૃદય બહુ ઝડપથી ધબકી રહ્યું હતું.

''મમ્મી, તને યાદ છે કે બે અઠવાડિયા પહેલા મેં તને કહ્યું હતું કે હું સિયાના ઘરે ગ્રુપ સ્ટડીઝ માટે જાઉં છું ?''

''હા''



"મમ્મી, એ રાત્રે અમે મુવી જોવા ગયા હતા..."

"શું ?" સુધા કંઈક બોલવા ગઈ પણ ચૂપ થઈ ગઈ. જજીસે એકબીજા સામે જોયું અને પેપર પર કંઈક નોટ કર્યું.

હવે સુધાનો વારો હતો. એણે માઈક હાથમાં લીધું, "મીરા બેટા, મેં તને કહેલું કે તારા મામાએ તને ગિટાર ગિફ્ટ કર્યું છે. પણ, ખરેખર વાત એમ હતી કે મને મારી સોનાની ચેન બહુ પસંદ નહોતી એટલે..."

સુધાથી આગળ કંઈ બોલાયું નહીં. પણ મીરાએ એની મમ્મીની આંખોમાં સાચી વાત વાંચી લીધી અને જજીસે ફેસલો લઈ લીધો.

સુધા-મીરાની જોડી થર્ડ અને ફાઈનલ રાઉન્ડ માટે સિલેક્ટ થઈ ગઈ.

"ઓ.કે, તો હવે થર્ડ અને ફાઈનલ રાઉન્ડ રમવા માટે આપણે નેક્સ્ટ સન્ડે આ જ જગ્યાએ અને આ જ સમયે ફરી ભેગા થઈશું. છેલ્લા રાઉન્ડનું નામ છે - હમ સાથ ટેલેન્ટદાર હૈ. આ રાઉન્ડમાં મા-દીકરીની જોડીએ સાથે મળીને એક વસ્તુ બનાવવાની છે. બસ, શરત એટલી જ છે કે બંનેનું સરખું ઈન્વોલ્વમેન્ટ જરૂરી છે." અમન અહુજાએ અનાઉન્સ કર્યું.

શું બનાવવું એ નક્કી કરવામાં મીરા અને સુધાને બહુવાર ના લાગી. સુધા 'કેક-એક્સપર્ટ' હતી અને મીરાને કેક બનાવતા શીખવું હતું.

ત્રીજા રાઉન્ડનો દિવસ આવ્યો. ટેબલ પર બધી વસ્તુઓ ગોઠવાઈ ગઈ. બઝર વાગ્યું અને બધાએ કામ શરૂ કર્યું. સુધા અને મીરાએ ભેગા મળીને બધી સામગ્રી મિક્સ કરી.

"લાવ, મમ્મી હું બેટર હલાવું," કહી મીરાએ મમ્મી પાસેથી ચમચો લીધો. થોડીવારમાં મીરા થાકી ગઈ.

"ચલ, મમ્મી હવે આને ઓવનમાં મૂકી દઈએ."



"ના બેટા, હજી વધારે હલાવવની જરૂર છે." મમ્મીએ કહ્યું.

"ના, મમ્મી થઈ ગયું છે."

"લાવ તને કંટાળો આવે છે તો હું કરી દઉં."

મીરા અકળાઈ ગઈ. "ના મમ્મી, એવું નથી કે મારે નથી કરવું. પણ, હવે વધારે હલાવવાની જરૂર નથી."

મીરાના હાથમાંથી ચમચો લઈને સુધાએ થોડીવાર હલાવ્યું અને પછી જ કેક ઓવનમાં મૂકી. મીરા વધારે અકળાઈ. કેક જ્યારે બહાર કાઢી ત્યારે બરાબર નહોતી બની.

સુધા તો સ્વસ્થ રહી પણ મીરા ગુસ્સે થઈ ગઈ, "મમ્મી, કેક તારા કારણે બગડી. મેં તને કહ્યું હતું કે આટલું બધું હલાવવાની જરૂર નથી."

ફાઈનલ રિઝલ્ટ્સ એક અઠવાડિયા પછી જાહેર થવાના હતા. ઘરે પાછા ફરતી વખતે સુધાને કંઈ કામ યાદ આવ્યું. "મીરા, બેટા તું ઘરે પહોંચ. હું થોડીવારમાં આવું છું."

આખા રસ્તે મીરા મનોમન મમ્મીને બ્લેઈમ કરતી રહી. આગલા બે રાઉન્ડમાં મમ્મી માટે નોંધેલી બધી જ સારી સારી વાતો એને ભુલાઈ ગઈ. બસ, એટલું જ એના મનમાં ઘર કરી ગયું કે મમ્મીના કારણે કેક બગડી. ઘરે આવીને એ બેડ પર આડી પડી, ત્યાં તો ડોરબેલ વાગી.

"આ.... આ જ એડ્રેસ છે ને !" એક યુવાને હાંફતા હાંફતા પૂછ્યું. યુવાને પકડેલું બ્રાઉન પર્સ મીરા ઓળખી ગઈ.

"હા, આ પર્સ તો મારા મમ્મીનું છે. શું થયું ?"

"આ બેનનો એક્સિડન્ટ થઈ ગયો છે. એમને હોસ્પિટલ લઈ ગયા છે."

મીરાને ધ્રાસકો પડ્યો. એ ધ્રુજવા લાગી. એક જ ક્ષણમાં જાણે એની આખી દુનિયા પલટાઈ ગઈ.

"મમ્મીને કંઈક સિરિયસ થયું હશે તો ?", " મમ્મી વગરનું જીવન કેવું હશે ?", "જો મેં મમ્મી સાથે ઝઘડો ના કર્યો હોત તો મમ્મી અત્યારે કામ માટે બહાર નીકળી જ ના હોત". મીરાને જબરદસ્ત પસ્તાવો થયો. એની આંખોમાં આંસુ છલકાઈ ગયા. એણે આંખો લૂછી અને લિફ્ટનું બટન દબાવ્યું. થોડી જ ક્ષણોમાં લિફ્ટનો દરવાજો ખુલ્યો અને એમાંથી મમ્મી બહાર નીકળી.

મીરા તો મમ્મીને જોઈને ભેટી જ પડી !

"અરે અરે, હમણાં તો મેડમ ઝઘડો કરી રહ્યા હતા, અચાનક શું થયું ?"

મીરાએ પર્સ દેખાડ્યું. કોઈક કહેવા આવ્યું હતું કે આ બેનનો એક્સિડન્ટ થયો છે.

"ઓહ, હાઉ સેડ ! હમણાં બસમાં મારું પર્સ કોઈકની સાથે બદલાઈ ગયું. ચાલ, આપણે હોસ્પિટલ જઈ આવીએ." મીરાને જબરદસ્ત 'હાંશ' થઈ. મમ્મીનો પડછાયો બની એણે આખું અઠવાડિયું વિતાવ્યું. કોન્ટેસ્ટના રિઝલ્ટના દિવસે સુધા અને મીરા સમયસર સ્ટુડીઓ પહોંચી ગયા.

"આજે આખરે આપણને આપણા 'બેસ્ટ ક્વીન-પ્રિન્સેસ'ની જોડીનો પરિચય થશે. એની ગેસીસ ?" અમન અહુજાએ પૂછ્યું.

ઓડિયન્સમાંથી જુદા જુદા નામ સંભળાયા. અમન અહુજાએ એક કવર ખોલીને નામ ઘોષિત કર્યું, "બેસ્ટ જોડી ઈઝ - ક્વીન દર્શના અને એમની પ્રિન્સેસ સલોની !"

સુધાને હારવાનું દુઃખ નહોતું પણ મીરાની આશા તૂટી એ વાતનો અફસોસ હતો. મીરાએ ધીમે રહીને મમ્મીના કાનમાં કહ્યું, "મારી સાચી પ્રાઈઝ તો મારી બાજુમાં જ છે." સુધા હસી પડી.

એક અઠવાડિયા પછી સુધાને ફરી ચારુનો ફોન આવ્યો કે એ નથી આવવાની. આ વાત સાંભળી, મીરા તરત જ રૂમની બહાર આવી. "આપકી ચારુ, આપકા ડીશવોશર આપકી સેવા મેં હાઝીર હૈ !"


મા-દીકરી ભેટી પડ્યા અને હસતા-હસતા સાથે મળીને વાસણ ધોયા.



# My Creation

કેટલીય વાતો હશે જે આજ સુધી તમે મમ્મીને ના કહી હોય. જો તમને એવો ચાન્સ મળે કે તમે તમારા દિલની બધી જ વાતો એમને કહી શકો, તો તમે શું શું કહો ? ચાલો, મમ્મીને એક પત્ર લખીએ જેમાં દિલ ખોલીને એમને બધી જ વાતો કરીએ.

અને હા, ક્રાફ્ટ એક્ટિવિટિમાં સરસ મજાનું એન્વેલપ બનાવીને એ પત્ર મમ્મીને આપો ! અને એન્વેલપના ફોટો અમારી સાથે શેર કરો ૯૩૧૩૬૬૫૫૬૨




Why મા ?
સની, મારા દીકરા - વેલકમ ટુ ધીસ વર્લ્ડ.
હાય, મા !
સની કંઈ આગળ બોલે એ પહેલા તો સેન્ડ્રાએ એને એક કિક(લાત) મારી.
વાય, મા ? તમે મને કેમ માર્યું ?
સેન્ડ્રાએ પોતાના દીકરાને કોઈ જવાબ ના આપ્યો. ફક્ત બીજી કિક મારી !
આ કિક્સથી બચવું હોય તો ઊભા થવું જ પડશે.
પણ સનીના પગ તો ખૂબ નબળા હતા. એ જેમ તેમ કરીને ઊભો થયો.
ત્યાં તો એના મમ્મીએ એને ફરી કિક મારી અને એ નીચે પડી ગયો.
આ તો બહુ વાગે છે. મારે અહીંથી ભાગવું જ પડશે.
સની માટે સહેલું નહોતું. પણ બીજો ઉપાય પણ નહોતો.


રસ્તામાં સનીએ એક વાંદરાના બચ્ચાને એની માના ખોળામાં સૂતેલો જોયો.
કેટલું લકી છે આ બચ્ચું ! એના મમ્મી એને કેટલું વહાલ કરે છે !
સનીની નજર એક ઝાડ પર પડી.
ચકીની મમ્મી ચકીને કેટલું ફાઈન ફાઈન ખાવાનું ખવડાવે છે !
આગળ જતા,
વાઉ ! બેબી પાન્ડાના મોમ એને કેટલું મસ્ત ઝૂલામાં ઝૂલાવી રહ્યા છે !


બધાના મમ્મી એમના બેબીસને કેટલું બધું લવ કરે છે. મારા મમ્મી મને લવ કેમ નથી કરતા ?
હજી તો જસ્ટ દુનિયામાં મારી એન્ટ્રી થઈ છે. શું હું એટલો ખરાબ છું કે મને વહાલ કરવાને બદલે મા મને કિક્સ મારે છે ?! શું મા હંમેશા મારાથી નારાજ જ રહેશે ?
ત્યાં તો સનીને એક ગર્જના સંભળાઈ. જોયું તો...
આ શું ? આ બે ચળકતી આંખો કોની છે ?
દૂર ઝાડવાઓની વચ્ચેથી એક સિંહ બહાર નીકળ્યો. સની જબરદસ્ત ગભરાયો અને જાન બચાવીને ભાગ્યો.
સની આગળ અને સિંહ પાછળ. સિંહને ખબર ના પડે એ રીતે સની ઘાસની વચ્ચે જઈને છૂપાઈ ગયો.


કેટલો ભયંકર સિંહ હતો ! જો હું ભાગી ના શક્યો હોત, તો એ તો મને ખાઈ જ ગયો હોત !
ત્યાં તો સનીની નજર એના પગ પર પડી.
મારા પગ ! જ્યારે બોર્ન થયો ત્યારે કેટલા નબળા હતા ! અને હવે, કેટલા સ્ટ્રોંગ થઈ ગયા !
કેવી રીતે ? જો માએ મને કિક્સ ના મારી હોત, તો હું ભાગતા શીખ્યો જ ના હોત.
એનો મતલબ કે કિક્સ મારીને મા મને સ્ટ્રોંગ બનાવી રહ્યા હતા.
મા મને લવ કરે જ છે ! બસ, એ લવ બતાવવાની એમની સ્ટાઈલ બધાના મમ્મી કરતા જુદી છે !
ઘરે આવીને સની સેન્ડ્રાને ભેટી પડ્યો.
થેંક-યુ મા ! તમારી સાથે તો હું સેફ છું. પણ જંગલમાં સેફ રહેવા માટે તમે જ મને સ્ટ્રોંગ બનાવ્યો છે !
17 Akram Express

# ક્યું નહીં સારી દુનિયા તેરી તરહ !!

## ૧. ઓરંગઊટન

ઓરંગઊટન અને એની મમ્મી વચ્ચેનો બોન્ડ ખૂબ સ્ટ્રોંગ હોય છે. ૨ વર્ષ સુધી બચ્ચાઓ ખોરાક તેમજ હરવા ફરવા માટે સંપૂર્ણ રીતે મમ્મી પર આધાર રાખે છે. તેઓ ૭-૮ વર્ષના થાય ત્યાં સુધી મમ્મી તેમને ખાવાનું શોધતા, ખાતા તેમજ ઘર બનાવતા શીખવે છે. એટલે જ ઓરંગઊટન મોટા થયા પછી પણ પોતાની મમ્મીને મળવા જાય છે !







## ૨. પોલર બેર

પોલર બેર ટ્વિન બેબીસને જન્મ આપે છે. એમના બાળકો ઠંડા વાતાવરણમાં રહેવા ટેવાય અને જીવન જીવતા શીખે ત્યાં સુધી તેમના રક્ષણ માટે તેઓ જમીનમાં ગુફા બનાવે છે.


બાળકો જન્મ પછી ૨-૩ મહિના સુધી આ ગુફામાં રહે છે. બાળકોને મમ્મી પોતાના દૂધ અને ગરમાવટથી સુરક્ષિત રાખે છે.

# ૩. ચિત્તો

ચિત્તાની મમ્મી તેમના બચ્ચાઓને એકલામાં ઉછેરે છે. તેઓ ૧૮ મહિનાના ના થાય ત્યાં સુધી દર ચાર દિવસે પોતાનું રહેઠાણ બદલી નાખે છે, જેથી કોઈ શિકારી જાનવર તેમની સુગંધથી તેમને શોધી ના શકે.




# ૪. પેંગ્વિન




મમ્મા પેંગ્વિન ઈંડા મૂકે કે તરત જ તે ઈંડાને પપ્પા પેંગ્વિનને સાચવવા આપીને ચાલી જાય છે. મમ્મી આશરે ૮૦ કિલોમીટર દૂર એના બાળકો માટે માછલી લેવા જાય છે ! અને પાછા આવીને બાળકોને પોતાની પાસે રાખીને તેમને ગરમી આપે છે.

# ૫. પાન્ડા

જ્યારે પાન્ડા જન્મે ત્યારે તેઓ આંધળા તેમજ ખૂબ જ નાના હોય છે. તેઓ ૧ થી ૩ કિલોના જ હોય છે. જ્યારે મમ્મા પાન્ડાનું વજન ૧૩૬૦ કિલો જેટલું હોય છે. પહેલા ત્રણ મહિના બેબી પાન્ડાને વાગી ના જાય, કશું થઈ ના જાય એટલે મમ્મા પાન્ડા એને સતત પોતાના ખોળામાં અથવા તો ઊંચકીને ફરે છે.




Akram Express

July 2022
Year : 14, Issue : 11
Conti. Issue No.: 167

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

Kids.
dadabhagwan.org

SCAN ME




**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.